ઈસ્લામમાં ગરીબીનો ઈલાજ

ઈસ્લામે ગરીબીનો ઉપાય જુદી-જુદી રીતે કર્યો છે :

(૧) **કામ કરવા અને ધન-દોલતની પ્રાપ્તિને પ્રોત્સાહન :** ઈસ્લામે દર્શાવ્યું છે કે ગરીબી ઘણી વખતે સમાજ માટે હાનિકારક સાબિત થાય છે, જેનાથી તેના લોકોનો નિર્વાહ તેમજ શાંતિ અને ચેન સમાપ્ત થઈ જાય છે. સમાજમાં ઉપદ્રવ અને બગાડ ફેલાઈ જાય છે. ગરીબીના ઈલાજ માટે ઈસ્લામે ઝકાત અદા કરવાને ફર્ઝ (અનિવાર્ય કર્તવ્ય) ઠેરવેલ છે. તેને ગરીબોનો હક્ક બતાવેલ છે. તેથી ઉચિત નથી કે ઈસ્લામી રાજ્ય પોતાના હક્કની માંગણીને છોડી દે. ધનવાન વ્યક્તિ માટે ઝકાત અદા કરવાથી દૂર ભાગવું જાઈઝ નથી, બલ્કે જો કોઈએ તેનો ઈન્કાર કર્યો તો તેને સજા આપવામાં આવશે, જેમ કે હઝરત અબૂ બક્ર ﷺ એ ઝકાત ન આપનારાઓ સાથે યુદ્ધ કર્યું હતું.

(૨) **ઈસ્લામે એક સિદ્ધાંત બનાવ્યો છે કે** ધન-દોલત અલ્લાહની મિલ્કત છે અને હકીકતમાં તે ધનવાન લોકોની મિલ્કત નથી, બલ્કે તેઓ તેના અમાનતદાર છે. આ ધન-દોલત તેમના પાસે અલ્લાહની અમાનત છે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

﴿ وَأَنفِقُوا۟ مِمَّا جَعَلَكُم مُّسْتَخْلَفِينَ فِيهِ ۖ ﴿٧﴾ ﴾ الحديد: ٧

અનુવાદ : ‘‘ખર્ચ કરો એ વસ્તુઓમાંથી જેના પર તેણે તમને ખલીફા બનાવ્યા છે.’’

(સૂરઃ હદીદ, આ.૭)

(૩) **કામ કરી શકે એવા લોકોને રોજગારની તકો ઉપલબ્ધ કરાવવી :** મુસ્લિમ રાજ્યની એ જવાબદારી છે કે તે લોકોને રોજગારની તકો ઉપલબ્ધ કરે. હદીસમાં છે કે :

«أَنَّ رَجُلًا مِنَ الْأَنْصَارِ أَتَى النَّبِيَّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ يَسْأَلُهُ، فَقَالَ: «أَمَا فِي بَيْتِكَ شَيْءٌ؟» قَالَ: بَلَى، حِلْسٌ نَلْبَسُ بَعْضَهُ وَنَبْسُطُ بَعْضَهُ، وَقَعْبٌ نَشْرَبُ فِيهِ مِنَ الْمَاءِ، قَالَ: «ائْتِنِي بِهِمَا» قَالَ: فَأَتَاهُ بِهِمَا، فَأَخَذَهُمَا رَسُولُ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ بِيَدِهِ، وَقَالَ: «مَنْ يَشْتَرِي هَذَيْنِ؟» قَالَ رَجُلٌ: أَنَا، آخُذُهُمَا بِدِرْهَمٍ، قَالَ: «مَنْ يَزِيدُ عَلَى دِرْهَمٍ مَرَّتَيْنِ، أَوْ ثَلَاثًا» قَالَ رَجُلٌ: أَنَا آخُذُهُمَا بِدِرْهَمَيْنِ فَأَعْطَاهُمَا إِيَّاهُ، وَأَخَذَ الدِّرْهَمَيْنِ وَأَعْطَاهُمَا الْأَنْصَارِيَّ، وَقَالَ: «اشْتَرِ بِأَحَدِهِمَا طَعَامًا فَانْبِذْهُ إِلَى أَهْلِكَ، وَاشْتَرِ بِالْآخَرِ قَدُومًا فَأْتِنِي بِهِ،» ، فَأَتَاهُ بِهِ، فَشَدَّ فِيهِ رَسُولُ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ عُودًا بِيَدِهِ، ثُمَّ قَالَ لَهُ: «اذْهَبْ فَاحْتَطِبْ وَبِعْ، وَلَا أَرَيَنَّكَ خَمْسَةَ عَشَرَ يَوْمًا» ، فَذَهَبَ الرَّجُلُ يَحْتَطِبُ وَيَبِيعُ، فَجَاءَ وَقَدْ أَصَابَ عَشْرَةَ دَرَاهِمَ، فَاشْتَرَى بِبَعْضِهَا ثَوْبًا، وَبِبَعْضِهَا طَعَامًا، فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ: " هَذَا خَيْرٌ لَكَ مِنْ أَنْ تَجِيءَ الْمَسْأَلَةُ نُكْتَةً فِي وَجْهِكَ يَوْمَ الْقِيَامَةِ، إِنَّ الْمَسْأَلَةَ لَا تَصْلُحُ إِلَّا لِثَلَاثَةٍ: لِذِي فَقْرٍ مُدْقِعٍ، أَوْ لِذِي غُرْمٍ مُفْظِعٍ، أَوْ لِذِي دَمٍ مُوجِعٍ»

www.uzairfalahi.com

અર્થાત્‌, એક અન્સારી વ્યક્તિ રસૂલુલ્લાહ ﷺ ની પાસે માંગવા આવ્યો, આપ ﷺ એ તેને પૂછ્યું કે શું તારા ઘરમાં કંઈ છે ? તે બોલ્યો : કેમ નહીં, એક ધાબળો છે, જેનો એક ભાગ અમે બિછાવી લઈએ છીએ અને એક ભાગ અમે ઓઢી લઈએ છીએ, અને એક પાણીનો પ્યાલો છે, જેનાથી અમે પાણી પીએ છીએ. આપ ﷺ એ ફરમાવ્યું : એ બંને વસ્તુઓ મારા પાસે લઈ આવો. તે ગયો અને પોતાની બંને વસ્તુઓ લઈ આવ્યો. આપ ﷺ એ એ બંને વસ્તુઓને હાથમાં લઈને ફરમાવ્યું કે આનો ખરીદનાર કોણ છે ? એક વ્યક્તિ બોલ્યો કે હું એક દિરહમમાં ખરીદું છું. આપ ﷺ એ ફરમાવ્યું : એક દિરહમથી વધારે કોણ આપે છે ? (અને આ રીતે આપ ﷺ એ બે કે ત્રણ વાર ફરમાવ્યું.) એક વ્યક્તિએ કહ્યું કે હું આ વસ્તુઓને બે દિરહમમાં લેવા માટે તૈયાર છું. આપ ﷺ એ એ બંને વસ્તુઓ તેને સુપ્રત કરી દીધી અને તેનાથી બે દિરહમ લઈને એ અન્સારી વ્યક્તિને આપી દીધા, અને ફરમાવ્યું કે એક દિરહમનું તારા ઘરવાળાઓ માટે ખાવાનું ખરીદી લે અને એક દિરહમની કુહાડી ખરીદીને મારા પાસે લઈ આવ. તે કુહાડી લઈને આપ ﷺ ની પાસે આવ્યો અને આપ ﷺ એ તેમાં એક લાકડી પોતાના મુબારક હાથથી ઠોકી અને ફરમાવ્યું કે હવે જા, લાકડાં કાપીને લાવ અને વેચ, અને પંદર દિવસ સુધી હવે તું અહીં દેખાવો ન જોઈએ. પછી એ વ્યક્તિ જતો રહ્યો, તે લાકડાં કાપતો અને તેને વેચતો. અમુક દિવસો પછી એ વ્યક્તિ આવ્યો અને એ ગાળામાં તે દસ દિરહમ કમાયો, તેમાંથી તેણે થોડાક કપડાં ખરીદ્યા અને થોડોક ખાવા-પીવાનો સામાન. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું : તારા માટે આ સારું છે એ વાતથી કે કયામતના દિવસે તારા મોઢા પર એક ડાઘ લાગેલો હોય. વધુમાં આપ ﷺ એ ફરમાવ્યું : માંગવું સારું નથી, પરંતુ ત્રણ પ્રકારના માણસો માટે, એક એ જે ખૂબ જ મુફલિસ હોય, ધૂળમાં રગદોળાતો હોય. બીજો એ, જે પરેશાન કરે એવા બોજ હેઠળ દબાયેલો હોય. ત્રીજો એ, જેણે કોઈની હત્યા કરી નાખી હોય અને તેના પર 'દિયત' (હત્યા-દંડ) અનિવાર્ય થઈ ગઈ હોય, પણ તેના પાસે દિયતમાં આપવા માટે કંઈ ન હોય, તો તે માંગી શકે છે. (અબૂ દાઊદ, તિરમિઝી, ઈબ્ને માજા)

ઈસ્લામમાં બેકારીની કલ્પના નથી. હુઝૂર અકરમ ﷺ એ ફરમાવ્યું :

«مَا أَكَلَ أَحَدٌ طَعَامًا قَطُّ خَيْرًا مِنْ أَنْ يَأْكُلَ مِنْ عَمَلِ يَدِهِ، وَكَانَ دَاوُدُ لَا يَأْكُلُ إِلَّا مِنْ عَمَلِ يدِه»

અર્થાત્‌, તેનાથી ઉત્તમ ખાવાનું કોઈએ નથી ખાધું, જે પોતાના હાથથી મહેનત કરીને ખાય, અને અલ્લાહના નબી હઝરત દાઊદ ؑ પોતાના હાથોથી મહેનત કરીને ખાતા હતા. (બુખારી)

જે વ્યક્તિ જાઈઝ ધંધો-વ્યવસાય કરીને રોજી કમાય છે, કુર્આને તેને અલ્લાહની કૃપાની શોધ માટે સફર કરનાર અને તેના માર્ગમાં જિહાદ કરનાર સમાન બતાવ્યો છે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

﴿وَءَاخَرُونَ يَضْرِبُونَ فِي ٱلْأَرْضِ يَبْتَغُونَ مِن فَضْلِ ٱللَّهِ ۙ وَءَاخَرُونَ يُقَـٰتِلُونَ فِي سَبِيلِ ٱللَّهِ ۖ ﴿٢٠﴾﴾ المزمل:٢٠

www.uzairfalahi.com

અનુવાદ : ''કેટલાક લોકો અલ્લાહની કૃપાની શોધમાં સફર કરે છે અને કેટલાક લોકો અલ્લાહના માર્ગમાં જિહાદ કરે છે.'' (સૂરઃ મુઝ્ઝમ્મિલ, આ.૨૦)

જો ઈસ્લામી રાજ્યમાં કામ કરી શકે એવા લોકોને કામ ન મળી શકે, તો જરૂરત સમયે તેમની મદદ કરવી રાજ્ય માટે અનિવાર્ય છે.

(૪) **રાજ્યનું કામ કરતા લોકોનું ભરણ-પોષણ કરવું :** મુસ્લિમ રાજ્ય પર અનિવાર્ય છે કે તે રાજ્યનું કામ કરતા લોકોનું ભરણ-પોષણ કરે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

مَنْ كَانَ لَنَا عَامِلًا فَلْيَكْتَسِبْ زَوْجَةً، فَاِنْ لَمْ يَكُنْ لَهُ خَادِمٌ فَلْيَكْتَسِبْ خَادِمًا، فَاِنْ لَمْ يَكُنْ لَهُ مَسْكَنٌ فَلْيَكْتَسِبْ مَسْكَنًا، قَالَ : قَالَ أَبُو بَكْرٍ : أُخْبِرْتُ أَنَّ لنَّبِيَّ صَلَّى اللهُ عَلَيْهِ و سَلَّمَ قَالَ : مَنِ اتَّخَذَ ذٰلِكَ فَهُوَ غَالٌّ أَوْ سَارِقٌ۔(ابوداود)

અર્થાત્, જે વ્યક્તિને અમારા તરફથી ગવર્નર નિયુક્ત કરવામાં આવે, તેના પાસે પત્ની ન હોય તો તે લગ્ન કરી શકે છે, સેવક ન હોય તો સેવક રાખી શકે છે, સંબંધિત શહેરમાં કોઈ ઘર ન હોય તો ઘર બનાવી શકે છે, પરંતુ તે સિવાય જે કંઈ લેશે, તો તે અલ્લાહના ત્યાં અપ્રમાણિક અથવા ચોરમાં ગણાશે. (અબૂ દાઊદ)

હુઝૂર અકરમ ﷺ એ આના પર જ સંતોષ ન કર્યો, બલ્કે સ્પષ્ટ કરી દીધું કે ગવર્નર પોતાના કુટુંબીજનો તરફથી નિશ્ચિંત રહે. જે તેણે ધન-દોલત છોડી છે તે તેના વારસદારો માટે છે અને જેણે નાના-કમજોર બાળકો છોડ્યા હોય, તો તેમનું ભરણ-પોષણ અને દેખભાળ કરવી રાજ્યની જવાબદારી છે.

www.uzairfalahi.com